## ગત વર્ષે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા કરવામાં આવેલ નૌસૈનિક દળનું નિરીક્ષણ

- ગત વર્ષે નૌસેના દ્વારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ સમક્ષ જહાજી દળનું પ્રદશન મુંબઈના દરિયાકિનારે ૨૦ ડીસેમ્બર, ૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યું હતું.
- જેને પ્રેસિડેન્સીયલ ફ્લીટ રીવ્યુ – P F R નામ આપવામાં આવ્યું. જે દસમું ફ્લીટ રીવ્યુ હતું.
- જેમાં નૌસેનાના ૮૧ યુદ્ધપોત, પન્ડુંબ્બી તથા નૌસેના વિષયક વિમાનોએ શક્તિ પ્રદર્શન અરબસાગરમાં કર્યું અને રાષ્ટ્રપતિને સલામી આપી.
- ભૂતપૂર્વ રક્ષામંત્રી એ.કે.એન્ટની તથા ત્રણેય સેનાઓના અધ્યક્ષો અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે જે ત્રણેય સેનાના વડા પણ છે તેઓએ આઈ.એન.એસ સુભદ્રામાં બેસી નૌસૈનિક શક્તિનું અવલોકન કર્યું હતું.
- જેમાં નૌસેનાના લગભગ ૮૦૦૦ જેટલા જવાનોએ ભાગ લીધો.
- ફ્લાઈટ પાસ કાર્યક્રમમાં ૪૪ યુદ્ધક વિમાનોએ ભાગ લીધો, જેમાં મીગ–૨૯ સી હેરીયર્સ, હેલીકોપ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- સુર્યાસ્તના સમયે ભવ્ય રોશની સાથે આતિશબાજીથી કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યું.
- ભારતીય નૌસેનાનો આ દસમો ફ્લીટ રીવ્યુ હતો.
- બ્રિટીશ નૌસેના પાસેથી મળેલી પરંપરા હેઠળ નૌસેના સંપૂર્ણ દલ સાથે રાષ્ટ્રપતિને તેમના કાર્યકાળ દરમ્યાન એકવાર સલામી આપે છે.
- આવું પ્રથમ ફ્લીટ રીવ્યુ ઓક્ટોબર ૧૯૫૩માં યોજાયું હતુ, જે વખતે ડૉ.રાજેન્દ્રપ્રસાદ દેશના રાષ્ટ્રપતિ હતા.
- નવમું–ગત ફ્લીટ રીવ્યુ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામના સમયમાં પૂર્વી તટ પર સંપન્ન થયું હતું.
- પ્રતિભા પાટીલ નૌસૈનિક દળનું નિરીક્ષણ કરવાવાળા નવમાં રાષ્ટ્રપતિ બન્યા.
- ૩ રાષ્ટ્રપતિઓ નીલમ સંજીવ રેડ્ડી, ડૉ.શંકર દયાલ શર્મા અને ડૉ.ઝાકીર હુસેનના સમયમાં આવું ફ્લીટ રીવ્યુ આયોજિત થઇ શક્યો ન હતો.
- આ સમારોહમાં પ્રતિભા પાટીલ દ્વારા નૌસેના અધ્યક્ષ એડમિરલ નિર્મલ વર્માને પ્રતિક ચિન્હ આપવામાં આવ્યું.
- આ સાથે મુંબઈમાં નૌસૈનિક સંગ્રહાલયનું પણ ઉદઘાટન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સંગ્રહાલયમાં નૌસેનાના ઈતિહાસ તથા જહાજ નિર્માણથી સંબંધિત બધીજ માહિતી વિસ્તારથી પ્રાપ્ય બનાવવામાં આવી છે.

## ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા 2011માં “સુદર્શન શક્તિ” યુદ્ધાભ્યાસનું નિરીક્ષણ

- ભારતીય ભૂમિદળ અને વાયુદળ દ્વારા સયુંકત યુદ્ધાભ્યાસ રાજસ્થાનના બાડમેર નજીક રણવિસ્તારમાં ડિસેમ્બર ૨૦૧૧માં યોજવામાં આવ્યો.
- “સુદર્શન શક્તિ” નામક આ યુદ્ધાભ્યાસનું અવલોકન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલે ૫ ડીસેમ્બર, ૨૦૧૧ના રોજ ટી–૯૦ ટેંક પર સવાર થઇ કર્યું, જેમાં ભૂમિદળ અધ્યક્ષ જનરલ વી.કે.સિંહ પણ સાથે હતા.
- યુદ્ધ ટેન્કની સવારી કરવાવાળા તેઓ પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.
- ભૂતપૂર્વ રક્ષામંત્રી એ.કે.એન્ટની પણ અન્ય ટેંક પર હાજર હતા.

Downloaded from http://mm.rijadeja.com